# <u>GUJARAT BILL NO. 12 of 2024.</u>

# THE GUJARAT PREVENTION AND ERADICATION OF HUMAN SACRIFICE AND OTHER INHUMAN, EVIL AND AGHORI PRACTICES AND BLACK MAGIC BILL, 2024.

## *A BILL*

*to bring social awakening and awareness in the society and to create a healthy and safe social environment with a view to protecting the common people in the society against the evil and sinister practices thriving on ignorance, and to combat and eradicate human sacrifice and other inhuman, evil, sinister and Aghori practices propagated in the name of so called supernatural or magical powers or evil spirits commonly known as black magic by conmen with sinister motive of exploiting the common people in the society and thereby destroying the very social fibre of the society; and for matters connected therewith or incidental thereto.*

<u>સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૨ .</u>

**ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક, ૨૦૨૪.**

**સમાજમાં અજ્ઞાનના કારણે ફૂલતા-ફાલતી અનિષ્ટ અને દુષ્ટ પ્રથાની સામે સામાન્ય લોકોને રક્ષણ આપવાના હેતુથી, સમાજમાં સામાજિક જાગૃતિ અને સભાનતા લાવવા અને સ્વસ્થ અને સુરક્ષિત સામાજિક પર્યાવરણનું નિર્માણ કરવા અને લેભાગુઓ દ્વારા સમાજના સામાન્ય લોકોનું શોષણ કરવા અને તેમ કરીને, સમાજના મૂળ સામાજિક માળખાનો વિચ્છેદ કરવાના દુષ્ટ ઉદ્દેશથી, કાળા જાદુ તરીકે સામાન્ય રીતે જાણીતી થયેલી કહેવાતી અલૌકિક અથવા જાદુઇ શકિત અથવા પ્રેતાત્માના નામે પ્રચાર કરવામાં આવતા માનવ બલિદાન અને બીજી અમાનુષી (અમાનવીય), અનિષ્ટ, દુષ્ટ અને અઘોરી પ્રથાનો પ્રતિકાર કરવા અને તેનું નિર્મૂલન કરવા માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે (જોગવાઇ કરવા બાબત) વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના પંચોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત અધિનિયમ, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે, સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નકકી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા.

**૨.** (૧) આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "માનવ બલિદાન અને બીજી અમાનુષી (અમાનવીય), અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ" એટલે આ અધિનિયમ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા અથવા વર્ણવેલા કૃત્યો પૈકીનું કોઇ કૃત્ય કોઇ વ્યક્તિએ પોતે કરવું અથવા બીજી કોઇ વ્યક્તિ મારફત અથવા કોઇ બીજી વ્યક્તિને ઉશ્કેરીને કરાવડાવવું તે;

(ખ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ગ) "પ્રચાર કરવો'' એટલે માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ સંબંધી અથવા તે વિશે જાહેરખબર, સાહિત્ય, લેખ અથવા પુસ્તક બહાર પાડવું અથવા તેનું પ્રકાશન કરવું અને તેમાં માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુના સંબંધમાં કોઇ પ્રકારની પ્રત્યક્ષ અથવા પરોક્ષ સહાય, દુષ્પ્રેરણ, ભાગીદારી અથવા સહયોગનો સમાવેશ થાય છે;

(ઘ) ''નિયમો" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમો;

(ચ) "સંહિતા" એટલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩. સન ૨૦૨૩નો ૪૬મો.

(૨) અહીં વપરાયેલા પણ વ્યાખ્યાયિત ન થયેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો, ઔષધ અને જાદુઇ ઉપચાર (વાંધાજનક જાહેરખબર) અધિનિયમ, ૧૯૫૪ અને સંહિતામાં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તેવો સંબંધિત અર્થ થશે. સન ૧૯૫૪નો ૨૧મો.

માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત.

**૩.** (૧) કોઇપણ વ્યક્તિ પોતે અથવા બીજી કોઇ વ્યક્તિ મારફત આ અધિનિયમ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા અથવા વર્ણવેલા માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ કરી શકશે નહિ, તેને ઉત્તેજન આપી શકશે નહિ, પ્રચાર કરી શકશે નહિ અથવા વ્યવસાય કરી શકશે નહિ અથવા કરાવડાવી શકશે

નહિ, ઉત્તેજન અપાવડાવી શકશે નહિ, પ્રચાર કરાવડાવી શકશે નહિ અથવા વ્યવસાય કરાવડાવી શકશે નહિ.

(૨) કોઇ વ્યક્તિ પોતે અથવા કોઇ બીજી વ્યક્તિ મારફત આ અધિનિયમની જોગવાઇઓનો ભંગ કરીને, માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ કરે અથવા કરાવડાવે, માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુની કોઈ જાહેરખબર આપે અથવા અપાવડાવે, વ્યવસાય કરે અથવા કરાવડાવે, પ્રચાર કરે અથવા કરાવડાવે અથવા ઉત્તેજન આપે અથવા અપાવડાવે, તે બાબત આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ ગુનો ગણાશે અને આવા ગુનાની દોષિત વ્યક્તિને, દોષિત ઠર્યેથી, છ મહિનાથી ઓછી ન હોય તેટલી પણ સાત વર્ષ સુધીની મુદતની કેદની અને પાંચ હજાર રૂપિયાથી ઓછા નહિ તેટલા પણ પચાસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

(૩) જે કોઇ વ્યક્તિ, પેટા-કલમ (૨) હેઠળ શિક્ષાપાત્ર કોઇ કૃત્ય અથવા ગુનો કરવામાં દુષ્પ્રેરણ કરે અથવા તે (કૃત્ય અથવા ગુનો) કરવાનો પ્રયત્ન કરે તેણે તે ગુનો કર્યો હોવાનું ગણાશે અને દોષિત ઠર્યેથી, તેને આવા ગુના માટે, પેટા-કલમ (૨)માંની શિક્ષા જેવી જ શિક્ષા કરવામાં આવશે.

(૪) પેટા-કલમ (૨) હેઠળના શિક્ષાપાત્ર ગુના, પોલીસ અધિકારના અને બિન-જામીનપાત્ર ગણાશે.

**ગુનાની અદાલતી કાર્યવાહી કરવાની હકૂમત.**

૪. પ્રથમ વર્ગના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, કલમ ૩ હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનાની અદાલતી કાર્યવાહી કરશે.

**તકેદારી અધિકારીઓ.**

૫. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી અને જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બોલીઓ અને શરતોને અધીન રહીને, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા કોઇ એક અથવા વધુ પોલીસ સ્ટેશન માટે, તકેદારી અધિકારી તરીકે ઓળખાતા, એક અથવા વધુ પોલીસ અધિકારીઓની નિમણૂક કરી શકશે:

પરંતુ આવા અધિકારી, પોલીસ ઇન્સપેક્ટરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના હોવા જોઇશે નહિ.

(૨) (૧) પોતાની હકૂમતના વિસ્તારમાં, આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનો ભંગ અથવા ઉલ્લંઘન શોધી કાઢીને નિવારવાની અને તેની હકૂમતના વિસ્તારની અંદરના સૌથી નજીકના પોલીસ સ્ટેશને આવા કેસની જાણ કરવાની અને કોઇ ભોગ બનનારે અથવા તેના પરિવારના કોઇ સભ્યએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કર્યેથી, તેના ઉપર યોગ્ય અને ઝડપી પગલા સુનિશ્ચિત કરવાની અને સંબંધિત પોલીસ સ્ટેશનને જરૂરી સલાહ, માર્ગદર્શન અને મદદ આપવાની;

(૨) આ અધિનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કરતી વ્યક્તિઓ પર અસરકારક રીતે કામ ચલાવવા માટે પુરાવા એકઠા કરવાની અને આવું ઉલ્લંઘન જે વિસ્તારમાં થયું હોય અથવા થઇ રહ્યું હોય તે (વિસ્તાર)ના પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવાની;

(૩) રાજય સરકાર, આ અર્થે સામાન્ય અથવા ખાસ હુકમથી, વખતોવખત, પોતાને સોંપે તેવા બીજા કાર્યો કરવાની;

-તકેદારી અધિકારીની ફરજ રહેશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ નિમાયેલા તકેદારી અધિકારીની સત્તાવાર ફરજો અથવા કાર્ય બજાવવામાં અવરોધ ઊભો કરે તેવી કોઇ વ્યક્તિને, દોષિત ઠર્યેથી, ત્રણ મહિના સુધીની મુદતની કેદની અથવા પાંચ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા થશે.

(૪) તકેદારી અધિકારી, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૨-ના ખંડ (૨૮) ના અર્થ મુજબ જાહેર સેવક હોવાનું ગણાશે. સન ૨૦૨૩નો ૪૫ મો.

પ્રવેશ, તપાસ વગેરેની સત્તા.

૬. (૧) રાજય સરકારે આ અર્થે વખતોવખત બહાર પાડેલા સામાન્ય અથવા ખાસ હુકમોને અધીન રહીને, તકેદારી અધિકારી, પોતાની હકૂમતના વિસ્તારની સ્થાનિક હદોની અંદર, પોતાના વિસ્તારના પોલીસ અધિકારીની સહાયથી-

(૧) જે સ્થળે આ અધિનિયમ હેઠળ ગુનો થયો છે અથવા થઇ રહ્યો છે તેવું માનવાને પોતાને વાજબી કારણ હોય તેવા કોઇ સ્થળે, પોતાને જરૂરી જણાય તેવી કોઇ પણ સહાય સાથે, તમામ વાજબી સમયે પ્રવેશ અને તપાસ કરી શકશે;

(૨) જેનાથી આ અધિનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન થતું હોય તેવા કોઇ કૃત્ય અથવા બાબત માટે કોઇ સામગ્રી, સાધનો અથવા જાહેરખબરનો ઉપયોગ થયો છે અથવા થઇ રહ્યો છે તેવું માનવાને પોતાને કારણ હોય, તો તે સામગ્રી, સાધનો અથવા જાહેરખબર જપ્ત કરી શકશે;

(૩) ખંડ (૧)માં જણાવેલા કોઇ સ્થળેથી મળી આવેલા કોઇ રેકર્ડ, દસ્તાવેજ અથવા ભૌતિક વસ્તુ, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનો થયો હોવાનો પુરાવો પૂરો પાડી શકે છે એમ માનવાને કારણ હોય, તો તે (રેકર્ડ, દસ્તાવેજ અથવા અન્ય ભૌતિક વસ્તુ) ચકાસી શકશે.

(૨) સંહિતાની કલમ ૯૭ હેઠળ કાઢેલા વોરંટના સત્તાધિકાર હેઠળ કરવામાં આવેલી કોઇ તપાસ અથવા જપ્તીને તે જે રીતે લાગુ પડે છે તેવી જ રીતે આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલી આવી તપાસ અથવા જપ્તીને સંહિતાની જોગવાઇઓ લાગુ પડશે.

(૩) પેટા-કલમ (૧)ના ખંડ (૨) અથવા (૩) હેઠળ કોઇ વ્યક્તિ, કોઇપણ વસ્તુ જપ્ત કરે, ત્યારે તેણે, બનતી ત્વરાએ, મેજિસ્ટ્રેટને તેની જાણ કરવી જોઇશે અને તેના કબજા માટે તેના હુકમો મેળવી લેવા જોઇશે.

સન ૧૯૫૧નો મુંબઇનો ૨૨ મો.

ગુજરાત પોલીસ અધિનિયમની કલમો ૧૫૯ અને ૧૬૦ની જોગવાઇઓ લાગુ પડવા બાબત.

**૭.** તકેદારી અધિકારી જાણે કે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના અર્થ મુજબ પોલીસ અધિકારી હોય તેમ, તકેદારી અધિકારી દ્વારા શુદ્ધબુદ્ધિથી કરવામાં આવેલા કૃત્યોને, તે અધિનિયમની કલમો ૧૫૯ અને ૧૬૦ની જોગવાઇઓ લાગુ પડશે.

સંહિતાની જોગવાઇઓ લાગુ પડવા બાબત.

૮. સંહિતાની જોગવાઇઓ, આ અધિનિયમ હેઠળના ગુનાની તપાસ અને ગુનાની અદાલતી કાર્યવાહીને લાગુ પડશે.

આ અધિનિયમ અન્ય કોઇપણ કાયદા ઉપરાંતનો હોવાનું અને તેનાથી તેનું અલ્પીકરણ ન થતું હોવાનું ગણાશે.

૯. આ અધિનિયમની જોગવાઇઓ, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા ઉપરાંતની રહેશે અને તેનાથી તેનું અલ્પીકરણ થશે નહિ.

ગુના-સાબિતીની હકીકત પ્રસિદ્ધ કરવા બાબત.

**૧૦.** (૧) કોઇ વ્યક્તિને, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર હોય તેવા કોઇ ગુના માટે દોષિત ઠરાવવામાં આવે, ત્યારે આવા ગુનેગારને દોષિત ઠરાવનાર કોર્ટ માટે, આવી વ્યક્તિનું નામ અને રહેણાકનું સ્થળ તેમજ આવો ગુનેગાર, આ અધિનિયમ હેઠળના ગુના માટે દોષિત ઠરેલ છે તે હકીકત આવો ગુનો જ્યાં થયો હોય ત્યાંના સ્થાનિક વર્તમાનપત્રમાં, પોલીસ દ્વારા પ્રસિદ્ધ કરાવવાનું યોગ્ય ગણાશે અને કોર્ટને યોગ્ય અને ઉચિત લાગે તેવી બીજી વિગતો પ્રસિદ્ધ કરાવી શકાશે.

(૨) આવા હુકમ સામે કરવામાં આવેલી અપીલ (હોય, તો તે) નો આખરી નિકાલ કરવામાં ન આવે ત્યાં સુધી, પેટા-કલમ (૧) હેઠળ આવી કોઇપણ પ્રસિદ્ધિ કરી શકાશે નહિ.

નિયમો કરવાની સત્તા.

**૧૧.** (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી અને અગાઉની પ્રસિદ્ધિની શરતોને અધીન રહીને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ કલમ હેઠળ કરવામાં આવેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો એ રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા તેની તરત પછીના સત્રમાં રાજય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં જે કોઇ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૩) રાજય વિધાનમંડળ એવી રીતે જે કંઇ રદ કરે અથવા તેમાં જે કંઇ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયેથી તે અમલમાં આવશે.

અપવાદ.

**૧૨.** (૧) શંકાના નિવારણ માટે, આથી જાહેર કરવામાં આવે છે કે આ અધિનિયમમાંનો કોઇપણ મજકૂર નીચેની બાબતોને લાગુ પડશે નહિ:-

(ક) કોઇ ધાર્મિક અથવા આધ્યાત્મિક સ્થળોએ કરવામાં આવતી પ્રદક્ષિણા, યાત્રા, પરિક્રમા જેવા પૂજાના સ્વરૂપને તેમજ વારકારીના વારીસ સંપ્રદાય અને અન્ય વારીસને પણ;

(ખ) હરિપથ, કીર્તન, પ્રવચન, ભજન, પ્રાચીન અને પરંપરાગત જ્ઞાન અને કળા વિશે શિક્ષણ અને તેનો અભ્યાસ, પ્રચાર, પ્રસાર;

(ગ) મૃત સંતના ચમત્કારો વિશે જણાવવું, તેનો પ્રચાર, પ્રસિદ્ધિ અને પ્રસાર કરવો અને ધાર્મિક ઉપદેશકના શારીરિક ઇજા અથવા નાણાકીય નુકસાન ન કરતા હોય તેવા ચમત્કારો અંગેના સાહિત્યનો પ્રચાર, પ્રસિદ્ધિ અને વહેંચણી;

(ઘ) ઘર, મંદિર, દરગાહ, ગુરૂદ્વારા, પગોડા, ચર્ચ અથવા અન્ય ધાર્મિક સ્થળો જેવા સ્થળોએ શારીરિક ઇજા અથવા નાણાકીય નુકસાન ન કરતી હોય તેવી પ્રાર્થના, ઉપાસના અને તમામ ધાર્મિક વિધિઓ કરવી;

(ચ) તમામ ધાર્મિક ઉજવણી, તહેવારો, પ્રાર્થના, શોભાયાત્રા અને તેને સંબંધિત બીજા કોઇ કૃત્ય, આત્માનું આહ્વાન, કડકલક્ષ્મી, વ્રતવૈકલ્યે, ઉપવાસ, નવાસને બોલાવવા, મન્નત પુકારવી, મહોરમના જુલુસ અને તમામ અન્ય ધાર્મિક વિધિઓ;

(છ) ધાર્મિક વિધિઓ અનુસાર બાળકોના કાન અને નાક વિંધાવવા, જૈનો દ્વારા કેશલોચન જેવી ધાર્મિક વિધિઓ કરવી;

(જ) વાસ્તુશાસ્ત્રના સંદર્ભમાં સલાહ, જોષી-જ્યોતિષી, નંદીબાઇવાલે જ્યોતિષી અને અન્ય જ્યોતિષી દ્વારા સલાહ અને ભૂગર્ભજળના સ્ત્રોતના સંદર્ભમાં સલાહ;

(ઝ) ઉપર ઉલ્લેખ કરી હોય તે સિવાયની, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી અન્ય પરંપરાગત ધાર્મિક વિધિઓ અને કૃત્યો.

(૨) પેટા-કલમ (૧)ના ખંડ (ઝ) અનુસાર બહાર પાડવામાં આવેલું દરેક જાહેરનામું, બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવું જોઇશે.

**મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.**

**૧૩.** (૧) આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય, તો સરકાર, આ અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની મુદતની અંદર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે તેને જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે.

(૨) આ કલમ હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળના ગૃહ સમક્ષ મૂકવો જોઇશે.

## અનુસૂચિ

(જુઓ કલમ ૨(૧)(ક))

(૧) ભૂત અને ડાકણ ભગાડવાના (કાઢી આપવાના) બહાના હેઠળ, વ્યક્તિ ને દોરડા અથવા સાંકળથી બાંધીને તેની ઉપર હુમલો કરવો, લાકડી (સોટી) અથવા કોરડા વડે મારવું, વ્યક્તિ ને જૂતા (પગરખા) બોળેલું પાણી પિવડાવવું, મરચાંનો ધુમાડો આપવો, વ્યક્તિ ને દોરડાથી અથવા વાળથી બાંધીને છત ઉપર લટકાવવી અથવા તેના વાળ ખેંચવા, વ્યક્તિ ના અંગો અથવા શરીર ઉપર ગરમ વસ્તુ અડાડીને (ડામ આપીને) કષ્ટ આપવું (પીડા આપવી), જાતીય કૃત્ય જાહેરમાં કરવા માટે વ્યક્તિ ને ફરજ પાડવી, અમાનુષી કૃત્ય આચરવા, મૂત્ર અથવા માનવીય મળ જબરદસ્તીથી વ્યક્તિ ના મોંમાં મૂકવું અથવા આવા કોઇ કૃત્યો આચરવા.

(૨) કોઇ વ્યક્તિ દ્વારા કહેવાતા ચમત્કારો દેખાડવા અને તેમ કરીને નાણાંનું ઉપાર્જન કરવું અને કહેવાતા ચમત્કારોનો પ્રચાર અને પ્રસાર કરીને લોકોને છેતરવા, ધૂતી લેવા અને લોકોને ત્રાસ આપવો.

(૩) અલૌકિક શકિતના આશીર્વાદ મેળવવાના હેતુ માટે, જિંદગીને જોખમમાં મૂકે અથવા ભારે ઇજા પહોંચાડે તેવા અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અનુસરવી, આવી પ્રથા અનુસરવા માટે બીજાને ઉશ્કેરવા, પ્રોત્સાહિત કરવા અથવા ફરજ પાડવી.

(૪) કિંમતી ચીજવસ્તુઓ, આર્થિક સહાય અને જળસંપત્તિની શોધમાં અથવા તેવા જ કારણો માટે કરણી, ભાનામતી (bhanamati) ના નામે કોઇ અમાનુષી, અનિષ્ટ અને અઘોરી કૃત્ય કરવું અને જારણ-મારણના નામે અથવા એવી કોઇ બીજી રીતે માનવ બલિદાન આપવું અથવા માનવ બલિદાન આપવાનો પ્રયત્ન કરવો અથવા આવા અમાનુષી કૃત્યો કરવા માટે સલાહ આપવી, ઉશ્કેરણી કરવી અથવા પ્રોત્સાહન આપવું.

(૫) ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય ન કરી શકાય (અગમ્ય) તેવી શકિત વ્યક્તિ ના શરીર ઉપર અસર કરે છે અથવા વ્યક્તિ આવી શકિત ધરાવે છે એવું જાહેર કરીને એવી છાપ ઊભી કરવી અને તેમ કરીને આવી વ્યક્તિ ની સલાહને ન અનુસરવાથી આવનાર અનિષ્ટના પરિણામોનો બીજાના મનમાં ભય ઊભો કરવો અથવા અનિષ્ટના પરિણામોની બીજાને ધમકી આપવી અથવા તેને છેતરવા, ધૂતી લેવા અને અટકાવવા.

(૬)　કોઇ ચોકકસ વ્યક્તિ કરણી, કાળા જાદુનો વ્યવસાય કરે છે અથવા ભૂતની અસર હેઠળ લાવે છે અથવા મંત્ર-તંત્રથી પશુઓની દૂધ આપવાની ક્ષમતામાં ઘટાડો કરે છે તેવો વ્યક્તિઓને વિશ્વાસ અપાવીને અથવા તેવી જ રીતે કોઇ ચોકકસ વ્યક્તિ , બીજા માટે દુર્ભાગ્ય લાવે છે અથવા તે રોગોના ફેલાવા માટે જવાબદાર છે તેવો તેની ઉપર આક્ષેપ મૂકવો અને તેમ કરીને આવી વ્યક્તિ નું જીવવાનું દયાપાત્ર, દુ:ખદાયક અથવા મુશ્કેલ બનાવવું; કોઇ વ્યક્તિ ને શેતાન અથવા શેતાનના અવતાર તરીકે જાહેર કરવી.

(૭)　જારણ-મારણ, કરણી અથવા મેલીવિદ્યા(ચેટૂક)ના નામે કોઇ વ્યક્તિ  ઉપર હુમલો કરવો, તેને નગ્ન કરીને ફેરવવો અથવા તેની રોજિંદી પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ મૂકવો.

(૮)　મંત્રોથી ભૂત અને ડાકણ બોલાવીને સામાન્ય લોકોના મનમાં ભય ઊભો કરવો અથવા ભૂત અને ડાકણને બોલાવવાની ધમકી આપવી, ભૂતપ્રેતનો અથવા દૈવી (ઇન્દ્રિય દ્વારા ગ્રાહ્ય ન કરી શકાય (અગમ્ય) શકિતનો) કોપ શારીરિક ઇજા પહોંચાડે છે તેવી છાપ ઊભી કરવી અને વ્યક્તિ ને તબીબી સારવાર લેતાં અટકાવવી અને તેના બદલે તે વ્યક્તિ ને અમાનુષી, અનિષ્ટ અને અઘોરી કૃત્યો આચરવા માટે વાળવી, કાળા જાદુ અથવા અમાનુષી કૃત્ય કરીને અથવા કરવાનો ઝોક(વૃત્તિ) રાખીને વ્યક્તિ ને મોતની ધમકી આપવી અથવા શારીરિક પીડા આપવી અથવા નાણાકીય નુકસાન પહોંચાડવું.

(૯) કૂતરા, સાપ (સર્પ) અથવા વીંછીના ડંખ અને અન્ય માંદગીના કિસ્સામાં, વ્યક્તિ ને તબીબી સારવાર લેતી અવરોધવી અને અટકાવવી અને તેના બદલે, મંત્ર-તંત્ર, ગાંડા-દોરા અને તેવી બીજી ચીજવસ્તુઓથી તેને સારવાર આપવી.

(૧૦)　આંગળી દ્વારા શસ્ત્રક્રિયા(વાઢકાપ) કરવાનો દાવો કરવો અથવા સ્ત્રીના ગર્ભાશયમાં ભૃણની જાતિ બદલવાનો દાવો કરવો.

(૧૧) (ક) પોતે અલૌકિક શકિત ધરાવે છે, બીજી વ્યક્તિ નો અવતાર અથવા પવિત્ર જીવાત્મા છે અથવા તેનો ચુસ્ત અનુયાયી પૂર્વજન્મમાં તેની પત્ની, પતિ અથવા જાર/જારિણી હતા જેથી તેવી વ્યક્તિ  સાથે જાતીય પ્રવૃત્તિ આચરી રહ્યો છે તેવી છાપ ઊભી કરવી.

(ખ) ગર્ભ ધારણ કરવાને અસમર્થ હોય તેવી સ્ત્રીને અલૌકિક શકિતથી માતૃત્વની ખાતરી આપીને તેની સાથે જાતીય સંબંધ રાખવા.

(૧૨) મંદબુદ્ધિવાળી વ્યક્તિ અલૌકિક શક્તિ ધરાવે છે તેવી છાપ ઊભી કરવી અને અને તેમ કરીને બીજાને લૂંટવા.

## ઉદ્દેશો અને કારણો

માનવ બલિદાન અને અન્ય અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથાઓ, કાળા જાદુની પ્રથા અને લેભાગુઓ દ્વારા થતી પ્રેતાત્મા (ભગાડવા)ની પ્રથાને કારણે સમાજમાં સામાન્ય લોકોના શોષણના ચોંકાવનારી સંખ્યામાં કિસ્સા ધ્યાનમાં આવ્યા છે.

આ સંજોગો હેઠળ સરકાર માટે આ હાનિકારક અને અમાનુષી પ્રથાઓ, કાળો જાદુ અને આવી અન્ય અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથાઓની અનિષ્ટ અસરો અને પ્રસારને અસરકારક રીતે અટકાવવા અને તેનું નિર્મૂલન કરવા માટે યોગ્ય અને કડક સામાજિક અને કાનૂની પગલાં લેવાનું અને સામાન્ય લોકોને કાળા જાદુગરો અને લેભાગુઓની દુષ્ટ યોજનાઓનો શિકાર બનતા બચાવવાનું આવશ્યક બન્યું છે, જેની અસામાજિક અને હાનિકારક પ્રવૃત્તિઓ, મૂળ સામાજિક માળખાને અને પ્રમાણભૂત અને વૈજ્ઞાનિક તબીબી ઉપચાર અને ઈલાજોમાં સામાન્ય લોકોની શ્રદ્ધાને ગંભીરપણે નુકસાન પહોંચાડીને તેને જોખમમાં મૂકી અને આવા કાળા જાદુગર અને લેભાગુઓનો આશ્રય લેવા માટે તેમને પ્રેરિત કરી રહ્યા છે અને આથી (સરકારે) આવી અનિષ્ટ અને અમાનુષી પ્રથાઓ વગેરેનો સામનો કરવા માટે વિશેષ અને કડક કાયદો બનાવવાનું ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા, સદરહુ અધિનિયમ અધિનિયમિત કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની કેટલીક અગત્યની જોગવાઈઓ સંક્ષિપ્તમાં સમજાવી છે:-

**કલમ ૧.-** આ કલમથી, અધિનિયમની ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૨.-** આ કલમથી, વિધેયકમાં વાપરેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

**કલમ ૩.-** આ કલમથી, માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુને અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૪.-** આ કલમથી, ગુનાની અદાલતી કાર્યવાહી કરવાની કોર્ટની હકૂમત માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૫.-** આ કલમથી જોગવાઈ કરી છે કે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી અને જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા એક અથવા વધુ

પોલીસ સ્ટેશન માટે, તકેદારી અધિકારી તરીકે ઓળખાતા, એક અથવા વધુ પોલીસ અધિકારીઓની નિમણૂક કરી શકશે.

**કલમ ૬.-** આ કલમથી, તકેદારી અધિકારીની પ્રવેશ, તપાસ વગેરેની સત્તા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૭.-** આ કલમથી જોગવાઈ કરી છે કે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમો ૧૫૯ અને ૧૬૦ની જોગવાઈઓ, તકેદારી અધિકારી દ્વારા શુદ્ધબુદ્ધિથી કરવામાં આવેલા કૃત્યોને લાગુ પડશે.

**કલમ ૮.-** આ કલમથી જોગવાઈ કરી છે કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની જોગવાઈઓ, આ અધિનિયમ હેઠળ ગુનાની તપાસ અને અદાલતી કાર્યવાહીને લાગુ પડશે.

**કલમ ૯.-** આ કલમથી જોગવાઈ કરી છે કે આ અધિનિયમ અન્ય કોઈપણ કાયદા ઉપરાંતનો હોવાનું અને તેનાથી તેનું અલ્પીકરણ ન થતું હોવાનું ગણાશે.

**કલમ ૧૦.-** આ કલમથી, આવા ગુનાઓ થયા હોય, ત્યાં સ્થાનિક વર્તમાનપત્રમાં પોલીસ દ્વારા ગુનાની સાબિતીની હકીકત પ્રસિદ્ધ કરવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૧.-** આ કલમથી, રાજ્ય સરકારને અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

**કલમ ૧૨.-** આ કલમથી, તેના અમુક કૃત્યોના અપવાદ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૩.-** આ કલમથી, રાજ્ય સરકારને અધિનિયમના આરંભથી બે વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

**હર્ષ સંઘવી,**

## નાણાકીય યાદી

ગૃહ વિભાગનો વિદ્યમાન કર્મચારીવર્ગ, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે કાર્યો કરશે અને તેથી વિધેયક અધિનિયમિત કરવામાં આવે અને અમલમાં લાવવામાં આવે, તો રાજ્યના એકત્રિત ફંડમાંથી કોઈ વધારાનો ખર્ચ થશે નહિ.

**હર્ષ સંઘવી,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઇ કરી છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨) થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ ૫.-** આ કલમની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી અને તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બોલીઓ અને શરતોને અધીન રહીને, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા કોઇ એક અથવા વધુ પોલીસ સ્ટેશન માટે, તકેદારી અધિકારી તરીકે ઓળખાતા એક અથવા વધુ પોલીસ અધિકારીઓની નિમણૂક કરવાની સત્તા મળે છે.

**કલમ ૧૧.-** આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, નિયમો કરવાની સત્તા મળે છે.

**કલમ ૧૨.-** આ કલમની પેટા-કલમ (ઝ) થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આ કલમની પેટા-કલમો (ક) થી (જ) માં ઉલ્લેખ કરેલી ધાર્મિક વિધિઓ અને કૃત્યો સિવાયની કોઇ પરંપરાગત ધાર્મિક વિધિ અને કૃત્યો નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

**કલમ ૧૩.-** આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, અધિનિયમના આરંભથી બે વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૧૪મી ઓગસ્ટ, ૨૦૨૪.** **હર્ષ સંઘવી.**

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૨.]

સમાજમાં અજ્ઞાનના કારણે ફૂલતા-ફાલતી અનિષ્ટ અને દુષ્ટ પ્રથાની સામે સામાન્ય લોકોને રક્ષણ આપવાના હેતુથી, સમાજમાં સામાજિક જાગૃતિ અને સભાનતા લાવવા અને સ્વસ્થ અને સુરક્ષિત સામાજિક પર્યાવરણનું નિર્માણ કરવા અને લેભાગુઓ દ્વારા સમાજના સામાન્ય લોકોનું શોષણ કરવા અને તેમ કરીને, સમાજના મૂળ સામાજિક માળખાનો વિચ્છેદ કરવાના દુષ્ટ ઉદ્દેશથી, કાળા જાદુ તરીકે સામાન્ય રીતે જાણીતી થયેલી કહેવાતી અલૌકિક અથવા જાદુઇ શકિત અથવા પ્રેતાત્માના નામે પ્રચાર કરવામાં આવતા માનવ બલિદાન અને બીજી અમાનુષી (અમાનવીય), અનિષ્ટ, દુષ્ટ અને અઘોરી પ્રથાનો પ્રતિકાર કરવા અને તેનું નિર્મૂલન કરવા માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે (જોગવાઇ કરવા બાબત) વિધેયક.

[શ્રી હર્ષ સંઘવી,

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી.]

(સન ૨૦૨૪ના ઓગસ્ટ મહિનાની ૧૪મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ચેતન પંડયા,
ઇન્ચાર્જ સચિવ,
ગુજરાત વિધાનસભા.